

ચિલોડા સર્કલ પાસે કાળઝાળ ગરમીમાં તરસ્યાઓની તરસ છીપાવવા દેશી ફ્રીજ ગણાતા માટલા મુકી પાણીની પરબ બનાવવામાં આવી છે. ચિલોડા ગામના અગ્રણી સ્વ. જગદીશભાઈ પટેલની સ્મૃતિમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મુસાફરો અને રાહદારીઓને ઉનાળામાં તરસ છીપાવવા માટે લીમડાના છાંયા નીચે ૨૪ જેટલા પાણીના માટલા મુકવામાં આવ્યા છે. અસંખ્ય મુસાફરો પોતાની તરસ છીપાવી આર્શીવાદ રૂપ પરબથી સંતોષનો અહેસાસ કરી રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ)

# બળબળતી બપોરે આરોગ્ય કમિશનરે સિવિલ હોસ્પિટલનો રાઉન્ડ લીધો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલની આજે રાજ્યના આરોગ્ય કમિશનરશ્રીએ મુલાકાત લીધી હતી.

આરોગ્ય કમિશનર શ્રી ગુપ્તા આજે બળબળતી બપોરના ૩.૪૫ વાગ્યાના સુમારે સિવિલ હોસ્પિટલમાં આવી પહોંચ્યા હતા. તેમણે ઉતાવળે સિવિલ હોસ્પિટલના ગાયનેક વોર્ડ તેમજ લેબોરેટરી અને એન્ય એક વોર્ડની મુલાકાત લઈ તબીબી અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક મહિનામાં બનેલી ઘટનાઓને લઈ આરોગ્ય કમિશનર ચોંકી ઉઠ્યા હોવાથી તેમણે આજે રૂબરૂ મુલાકાત લઈ સર્વગ્રાહી સમીક્ષા કરી હોવાનું જાણવા મળેલ છે.

સિવિલ હોસ્પિટલના લેબોરેટરીના કર્મચારીને રાજકીય આગેવાનના પુત્રએ લાફો ઝીકી દીધાની ઘટના, સિવિલ હોસ્પિટલની ગંદકી, સિવિલ હોસ્પિટલમાં મચ્છરોના બ્રીડીંગના અખબારી અહેવાલોનો ગંભીર પડઘો સરકારમાં પડ્યો હોવાથી કમિશનર પાસે સ્થિતિનો અહેવાલ માંગ્યો હોવાની વાતો બહાર આવી રહી છે.

શ્રી ગુપ્તાએ આરોગ્ય કમિશનર તરીકે ચાર્જ સંભાળ્યા બાદ સિવિલમાં આ તેમની બીજીવારની મુલાકાત હતી.

સિવિલના રાઉન્ડમાં આરોગ્ય કમિશનર નીકળવાની વાતને લઈ સમગ્ર કેમ્પસમાં સન્નાટો છવાઈ ગયો હતો. જો કે કમિશનરશ્રીએ નવા સંકુલના પ્રશ્નોની જાણકારી કે જાતમાહિતી માટે સંકુલની મુલાકાત લીધી હોત તો સાચુ ચિત્ર તેમને મળી શક્યુ હોત. નવા સંકુલમાં પાણી લિકેજ અને પાણી પીવાની સમસ્યા તીવ્ર છે.

પી.આઈ.યુ. દ્વારા પણ નવા સંકુલની કામગીરીમાં જે રીતે ઠાગા ઠૈયા કરવામાં આવી રહ્યા છે તેની ચર્ચા પણ સમીક્ષા દરમ્યાન થઈ હોવાની વાતો ચર્ચાઈ રહી છે.

# સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલનો અનોખો સમર કેમ્પ સંપન્ન

## કેમ્પમાં ૩૫૦ બાળકોને વિના મૂલ્યે યોગ-કરાટે-રમતો અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ શીખવાડવામાં આવી : બસ અને નાસ્તાની નિઃશુલ્ક વ્યવસ્થા કરાઈ : રવિવારે સવારે નિદર્શન અને ઈનામ વિતરણ યોજાશે

(સમીર રામી દ્વારા) ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર કોબા હાઈવે પર સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કુલમાં તા. ૨૦મી થી ૩૦મી એપ્રિલ દરમિયાન નિઃશુલ્ક સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમર કેમ્પમાં ૩૫૦ બાળકોએ ભાગ લીધો હતો. જેમણે યોગ, કરાટે, ચેસ-ક્રિકેટ સહિત વિવિધ સાહસિક પ્રવૃત્તિઓ પણ નિષ્ણાત કોચ દ્વારા શીખી હતી. કેમ્પ દરમિયાન બાળકોને કેમ્પસમાં આવા જવા માટે બસની સુવિધા અને કેમ્પના સમય દરમિયાન નાસ્તાની વ્યવસ્થા સ્કુલ તરફથી વિના મૂલ્યે કરવામાં આવી હતી. બાળકોએ સમર કેમ્પ દરમિયાન શીખેલ પ્રવૃત્તિ-રમતોનું તા. ૩જી મે રવિવારે સવારે ૯ થી ૧૦ વાગ્યા દરમિયાન નિદર્શન યોજવામાં આવ્યું છે.





ઉનાળુ વેકેશન દરમિયાન બાળકો રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા પોતાનો શારિરીક અને માનસિક વિકાસ સાથે તે હેતુથી આ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૭ થી ૧૪ વર્ષની આયુ ધરાવતા તમામ બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવ્યો હતો. સવારે ૯ થી ૧૨ના સમયગાળામાં ૧૦ દિવસ સુધી બાળકોએ નિષ્ણાંત કોચ દ્વારા વિવિધ રમતો અને પ્રવૃત્તિઓ શીખી હતી. આ પ્રવૃત્તિઓમાં યોગ, આસનો, કરાટે, સ્કેટીંગ, ચેસ, ક્રિકેટ, ટેબલટેનિસ, બાસ્કેટબોલ, સ્પોકન ઈંગ્લીશ, ચિત્રકળા, ક્રાફટ વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રવૃત્તિઓમાં બાળકોને દોરડા પરના આસનો અને 'આર્ટીસ્ટીક યોગાસન' જેવી નવીન કરતબ પણ શીખવાડવામાં આવ્યા હતા.

બાળકોએ શીખેલ તમામ પ્રવૃત્તિઓ અને રમતોનું તા. ૩જીમે રવિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન નિદર્શન પણ યોજવામાં આવ્યું છે. આ નિદર્શનમાં ભાગ લેનાર અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર બાળકોને ઈનામોથી સન્માનવામાં આવશે.

સમગ્ર કેમ્પ દરમિયાન બાળકોને ઘરેથી લાવવા અને પાછા ઘરે મૂકી જવા માટે સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા વિના મૂલ્યે બસની સુવિધા કરવામાં આવી હતી. આ ઉપરાંત કેમ્પમાં બાળકોને દરરોજ નિઃશુલ્ક નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડા સામે ગેસ્ટહાઉસ સંચાલકને માર્યાની ફરીયાદ

## એએસપી કરણરાજ વાઘેલાએ ગગન પેલેસમાં દરોડો પાડ્યા બાદ સંચાલકને પોલીસ સ્ટેશન લઈ જતા રસ્તામાં 'સર્વિસ કરવા' આદેશ કર્યો હોવાનો આક્ષેપ : સંચાલકને હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નજીક રણાસણ પાસે ગગન પેલેસ ગેસ્ટ હાઉસમાં ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડાએ બે દિવસ અગાઉ રેડ પાડી હતી. ત્યાર બાદ જાહેરનામા ભંગના આરોપી ગેસ્ટહાઉસ સંચાલકને ડભોડા પોલીસ સ્ટેશન લઈ જતાં રસ્તામાં પવન ગેસ્ટહાઉસ નજીક ઉભો રખાવી એએસપી કરણરાજ વાઘેલાએ તેમની ટીમને આદેશ આપ્યો કે 'સર્વિસ કરો' ત્યાર બાદ આખી ટીમ લાકડીથી તુટી પડી અને ઢોર માર માર્યો હોવાનો આક્ષેપ ગેસ્ટહાઉસ સંચાલકે રેન્જ આઈજીપીને રજુઆત કરી છે. ડભોડા પોલીસ મથકમાં આ મામલે નોન કોગ્નીઝેબલ ફરીયાદ દાખલ થવા પામી છે.

ગગન પેલેસ ગેસ્ટ હાઉસના સંચાલક રાજેશ રતીલાલ ડાભીને શરીરે શૉલ પડી જતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવો પડ્યો હતો. તેણે રેન્જ આઈજીપી હસમુખ પટેલને કરેલી ફરીયાદ મુજબ ગેસ્ટ હાઉસમાં રેડ બાદ જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરાયો હતો. ડભોડા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ બાબુભાઈ ચૌધરી રાજેશને પોલીસ સ્ટેશન લઈ જવા આવ્યા અને બંને તેમની ગાડીમાં નીકળ્યા. જેઠીપુરા પાસે પવન ગેસ્ટહાઉસ નજીક એએસપીની ગાડી ઉભી હતી ત્યાં બાબુભાઈ ચૌધરીએ પણ ગાડી ઉભી રખાવી દીધી ત્યાર બાદ કરણરાજ વાઘેલાએ પોતાના સ્ટાફને આદેશ આપ્યો કે આ માણસની સર્વિસ કરો... જોર જોરથી ડંડા મારી ગેસ્ટહાઉસ સંચાલકને ઢોર માર માર્યો હોવાની રજુઆત કરવામાં આવી છે. જે અંતર્ગત ડભોડા પોલીસ સ્ટેશનમાં નોન કોગ્નીઝેબલ ફરીયાદ પણ દાખલ કરવામાં આવી છે. જો કે ડભોડા પોલીસ આવી કોઈ ફરીયાદ આવી જ ન હોવાનું જણાવી માહિતી છુપાવી રહી હતી.



# કાળઝાળ ગરમીમાં પણ લગ્ન પ્રસંગોનો ધમધમાટ

## સવાર-સાંજ જાનૈયાઓનું આવન-જાવન અને બપોરે એસી. કુલર અને પંખાના સથવારે હસ્તમેળાપ

ગાંધીનગર, તા. ૩૦

સુરજદાદાએ પોતાના અસલી મિજાજનો પરચો બતાવવાનો શરૂ કરી દીધો છે. અગનગોળા વરસાવતી ગરમીમાં લગ્ન પ્રસંગોનો ધમધમાટ યથાવત રહેવા પામ્યો છે. નક્કી તારીખે અને મુર્હૂતમાં પ્રસંગ પુર્ણ કરવાના અભરખામાં ગરમી ચોક્કસ વિલન બની રહી છે. પરંતુ સવાર-સાંજના સમયે જાનનું આગમન અને વિદાય રાખી બપોરે ઠંડી પ્રસરાવતા સાધનો વચ્ચે હસ્ત મેળાપનું સુંદર આયોજન કરી હરખના આ અવસરને જે તે પરિવાર મન ભરીને માણી લે છે. જો કે જમવા તથા પીવામાં ઠંડી ચિજવસ્તુઓની વધુ તડાપડી રહે છે અને તે માટેની તૈયારીઓ પણ રખાતી હોય છે.

ગ્રહો, નક્ષત્રો અને યોગ મુજબ હવે પછીના બાર દિવસ પછી લગ્નોના કોઈ મુહૂર્ત ન હોવાનું જ્યોતિષાચાર્યોએ અગાઉથી જ જાહેર કરી દીધુ છે. જેથી હાલની અંગ દઝાડતી કાળઝાળ ગરમીમાં પણ લગ્ન પ્રસંગોની વણઝાર પૂર બહારમાં ખીલી ઉઠી છે. આગામી ૧૩ માસ સુધી લગ્ન પ્રસંગોની ઝાકમઝોળ જોવા મળવાની નથી. જેના પ્રત્યાઘાત રૂપે વૈશાખ માસમાં સૌ કોઈએ પ્રસંગ આટોપી લેવાની ગણતરી કરી નાખી છે. જેથી ઘરઆંગણે આયોજીત પ્રસંગમાં ગરમીમાં પણ પ્રસંગનો હરખ નજરે પડી રહ્યો છે. વર પક્ષ તરફથી ગરમીથી બચવા વહેલી સવારે જાન લઈને કન્યાના ઘરે આગમન કરી લે છે અને બપોરના સમયે માંડવા નીચે એસી, કુલર, પંખા કે અન્ય ઠંડક પ્રસરાવતા સાધનોના સથવારે રંગેચંગે હસ્ત મેળાપ કરી લેવાય છે. દરમ્યાન જમવા અને પીવામાં પણ ઠંડી ચિજવસ્તુઓનો આગ્રહ રખાય છે જેથી પ્રસંગ આયોજીત કરનાર પ્રથમથી જ તે પ્રમાણેની વ્યવસ્થા હાથ ધરે છે.

ઘણા પ્રસંગોમાં રીસેપ્શનનું આયોજન પણ સમી સાંજે રાખવામાં આવે છે જેથી ગરમીથી રાહત મળી શકે. જો કે પ્રસંગ આયોજીત કરનાર પોતાના રૂડા અવસરમાં કોઈ વિઘ્ન કે અડચણ ન થાય અને આ કાળઝાળ ગરમીમાં કોઈ અગવડ ન ઉભી થાય તે માટે સુચારૂ વ્યવસ્થા હાથ ધરી લે છે. જેથી હાલ મોડી રાત્રી સુધી વરઘોડા, ગરબા અને ડી.જે.ના તાલે સૌ કોઈ પ્રસંગની મઝા માણી લે છે. ગરમીનો પારો દિન-પ્રતિદિન ઉપર ચડી રહ્યો છે. ત્યારે પ્રસંગની મઝા વચ્ચે કોઈ બિમાર ન પડે તેની ચિંતાઓ પણ લોકોને સતાવતી રહે છે. રાજ્યભરના બજારો અને માર્ગો બપોરે સુમસામ બની જાય છે. જ્યારે સવાર-સાંજ લગ્નસરાની સિઝનથી ગ્રાહકોની ભીડ થકી ઉભરાઈ રહ્યા છે.

# રાંધેજા માર્ગ પર મેટાડોરની ટક્કરે બાઈકચાલકનું મૃત્યુ

## બાપુ કોલેજમાં જઈ રહેલા સેક્ટર-૨૯નાં યુવાનનું સારવાર દરમ્યાન મૃત્યુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના સે.૨૯ ખાતે રહેતો ૧૯ વર્ષિય યુવાન બાપુ કોલેજ તરફ બાઈક લઈને આજે સવારના અરસામાં રાંધેજા માર્ગ પર જઈ રહ્યો હતો તે દરમ્યાન બેફામ ગતિએ નિકળેલા મેટાડોરે બાઈકને અડફેટે લઈ લેતા યુવાનને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે એપોલો લઈ જવાયો હતો. જ્યાં તેનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. પેથાપુર પોલીસે ગુનો દાખલ કરી ઘટનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સે. ૨૯ અક્ષરદિપ એપાર્ટમેન્ટ મકાન નં. ૩૦૬/૧ ખાતે રહેતો ૧૯ વર્ષિય યુવાન અનંત ભરતભાઈ પટેલ આજે સવારના સુમારે બાપુ કોલેજ જવા બાઈક લઈને નીકળ્યો હતો. રાંધેજાથી વાસણીયા મહાદેવ રોડ તરફ તે પસાર થઈ રહ્યો હતો ત્યારે મેટાડોરના ચાલકે તેને ટક્કર મારતા ગંભીર હાલતમાં તેને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. ત્યાંથી તેને એપોલો ખસેડવામાં આવ્યો હતો. જ્યાં બપોરે બે વાગ્યાના અરસામાં તેનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. પેથાપુર પોલીસે આ બનાવની વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧

ફોન - ૨૩૨૩૭૫૭૧

# મુકિતધામમાં ધાડ પાડનાર ગેંગનો સાગરીત ઝડપાયો

## મુકિતધામ નજીક ડમ્પીંગ સાઈટ પાસે અગાઉ મજુરી કરવા આવતો દાહોદનો શખ્સ મુખ્ય સુત્રધાર : એલસીબીએ એકની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૩૦

શહેરના મુકિતધામમાં થોડા દિવસ અગાઉ ધાડપાડુ ગંગ ધોકા અને તમંચા સાથે ઘુસી હતી અને કર્મચારીને માર મારી દાનપેટી તથા મોબાઈલ મળી અંદાજે ૨૪ હજારની મત્તાની લુંટ કરી ટોળકી ફરાર થઈ ગઈ હતી. ગાંધીનગર એલસીબીની ટીમે આ ગેંગના એક સાગરીતને ઝડપી પાડીને સે-૩૦ મુકિતધામ ધાડના ગુનાનો પર્દાફાશ કર્યો છે. આ ધાડમાં મુખ્ય સુત્રધાર દાહોદનો છે જે અગાઉ મુકિતધામ પાછળ ડમ્પીંગ સાઈટ પાસે મજુરી કામ કરવા આવતો હતો. મુકિતધામની દાનપેટીમાં અઢી લાખ જેટલી રકમ પડી રહેતી હોવાની વાત તે સમયે સિકયુરીટી ગાર્ડ પાસેથી જે-તે સમયે સાંભળી હતી ત્યાર બાદ મુખ્ય સુત્રધારે પ્લાન ઘડીને ધાડ પાડી હોવાનું જાણવા મળ્યું છે.

સેકટર-૩૦ મુકિતધામમાં ૧૩ એપ્રિલે આઠેક શખ્સોએ ધાડ પાડીને દાનપેટીમાંથી રોકડા તથા મોબાઈલોની લુંટ કરી હતી. આરોપીઓ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા જે અંગે ગુનો દાખલ થતાં ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે તે દિશામાં તપાસ શરુ કરી હતી. પીએસઆઈ એચ.કે. સોલંકી તથા તેમની ટીમ આજે સે-૨૮ પ્રેસ સર્કલે વાહન ચેકીંગમાં હતી ત્યારે એક શંકાસ્પદ શખ્સને બાઈક સાથે પકડી પુછપરછ શરુ કરી હતી મુળ દાહોદનો અને હાલ પેથાપુર ચોકડી નજીક છાપરામાં રહેતો કમલેશ બિજીયા ભાભોર નામના આ શખ્સ પાસેથી મળેલા મોબાઈલ અંગે પુછતાછ કરતાં સંતોષકારક જવાબ આપ્યો ન હતો. કડક પુછપરછ કરતાં તેણે અન્ય સાગરીતો સાથે મળીને સ્મશાનગૃહમાં લુંટ કરી હોવાની સનસની કબુલાત કરી લીધી છે. કમલેશ ભાભોરે તેના મિત્ર પર્વત મનજી ડામોર રહે. દાહોદ તથા



● અનુસંધાન પાના - ૭ પર

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૮

સૂર્યાસ્ત : ૭.૦૮

## તાપમાન

મહત્તમ : ૪૨.૪ ડિ.સે.

લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૨૧ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સ્ક્રીન-૩ :**

જય હો ડેમોક્રસી : ૯.૪૫

બે યાર : ૧૨.૦૦

ધરમ સંકટ મેં : ૩.૦૦

કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સ્ક્રીન-૪ :**

જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

### સિટીપલ્સ

**સ્ક્રીન-૨ :**

એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**

એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૧૧.૦૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦

મિ.એક્સ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૭.૦૦

ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**

માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૧૦.૦૦, ૩.૦૦, ૭.૪૫

કાગઝ કે ફૂલ : ૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

## આપની આજ

**મેષ** : પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થશે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.

**વૃષભ** : પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં મળશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. યાત્રા- પ્રવાસ થઈ શકે છે.

**મિથુન** : વેપાર-ધંધો સારો ચાલશે. અણધાર્યા લાભની સંભાવના છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ - સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમતાથી કરવો. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : સફળ યાત્રા થશે. દેવાની ચિંતા ઓછી થશે. પરસ્પર સંબંધોને મહત્વ આપો. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

**કન્યા** : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશં. સંતાનની પ્રગતિ થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

**તુલા** : સંપત્તિની ખરીદારીમાં લાભ થશે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. સમાજ અને રાજકારણ ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : મિત્ર સહયોગ પ્રાપ્ત ન થઈ શકે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે.

## ચિરવિદાય

- સ્વ. અભરાજજી ચંદુજી ઠાકોર (ઉ.વ.૩૫) ગામ - રાંધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. લીલાબેન લક્ષ્મણજી ઠાકોર (ઉ.વ૪૫) ગામ - બોરીજ, નવાપરા, જી.ગાંધીનગર
- સ્વ. લાલાજી ગલાબજી બિહોલા (ઉ.વ.૮૦) મુ. મગોડી, તા.જી. ગાંધીનગર
- સ્વ. મંગુબેન અમરાજી ઠાકોર (ઉ.વ.૬૩) મુ. આમજા, તા. કલોલ, જી. ગાંધીનગર